કેસ રજુ થતા તા. :- ૦૧-૦૭-૨૦૧૬

કેસ રજી. નોંધ્યા તા. :- ૦૧-૦૭-૨૦૧૬

કેસ ફેંસલ થયા તા. :- ૨૬/૦૮/૨૦૧૯

**સમયગાળો :-વર્ષ-૦૩ માસ-૦૧ દિવસ-૨૫**

## અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૯, અમદાવાદ.

ક્રિમિનલ કેસ નંબર. : ૫૬૭/૧૬

આંક:-

**ફરિયાદી.........** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ....** (૧) બ્રિજેશકુમાર સ/ઓ કૈલાસનાથ તિવારી, ઉ.વ.૩૫,
(૨) રાજકુમાર એસ/ઓ કૈલાસનાથ તિવારી, ઉ.વ.૨૬,
(૩) ક્રિષ્ણકુમાર ઉર્ફે રીન્કુ કૈલાસનાથ તિવારી ઉ.વ.૩૨
ત્રણેયરહે.મ.નં.બી/૨૯ ઓમ શાંતિનગર
આસોપાલવ સોસાયટીની પાછળ વટવા અમદાવાદ.

**ગુનો :-** ઈ.પી.કો.કલમ-૩૨૪,૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬ (૧), ૧૧૪ તથા બી.પી.એકટની કલમ-૧૩૫ (૧) મુજબ.

**વકીલશ્રીઓ:-**

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી રાજેશ ગોગરા
બચાવપક્ષે વિ.વ.શ્રી એ.વી.પટેલ

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખ: ૨૭-૦૪-૨૦૧૬ ના કલાક: ૦૭-૦૦ વાગ્યે મ.નં.સી/૦૮અોમ શાંતિનગર સોસાયટી આસોપાલવ સોસાયટી પાસે વટવા અમદાવાદ આગળ જાહેરમાં ફરીયાદીને આરોપી નં. ૧ નાએ કહેલ કે, તમારા છોકરાએ મારી ટી.વી ચેનલનો વાયર તોડી નાખેલ છે.તેમ કહી ફરીયાદીને ગંદી ગાળો બોલી ફરિયાદીના દિકરાને માથામાં તેમજ ડાબાહાથની કણાઈ ઉપર લાકડાના ડંડાથી બે ત્રણ ફટકા મારી આરોપી નં. ૨,૩ નાએ ફરીયાદીના દિકરાને ગડદાપાટુનો માર મારી ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ-૩૨૪,૩૨૩,૨૯૪ (ખ), ૫૦૬ (૧), ૧૧૪ તથા બી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓને કોર્ટથી સમન્સ ઈસ્યુ કરવામાં આવતા જેની કાયદેસરની બજવણી થતા તેઓ કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની તમામ નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે.

(૩) આરોપીઓની આંક-૪ થી ૬ ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે.અને ઈન્સાફી કાર્યવાહીની માંગ કરેલ છે. સદર કેસ પોલીસ ચાર્જશીટ ઉપર દાખલ કરવામાં આવેલો આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ એટલે કે, એ.પી.પી.શ્રી દ્વારા સદર કેસનો પ્રોસીકયુશન કરવામાં આવેલ છે. અને આરોપીઓ સામેનો ગુન્હો પુરવાર કરવા માટે નીચે જણાવ્યા મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૫) આ કામે પુરાવો રેકર્ડ થતા પહેલા પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થયેલ છે જે આ કામે આંક–૫ થી પુરસીસ રજુ થયેલ છે. આ કામે આંક–૬ થી ઉપેન્દ્રસિંહ હીરાલાલ રાજપુતને તપાસવામાં આવેલ છે અને આંક–૭ થી ફરીયાદ રજુ કરેલ છે. ત્યારબાદ આ કામે આંક–૧૦ થી સાહેદ વિજય ઉપેન્દ્રસિંહ રાજપુતને તપાસવામાં આવેલ છે.

ઉપરોકત પુરાવો રજુ થયાંબાદ ફરિયાદ પક્ષે એ.પી.પીશ્રી આ કામમાં કોઈવધારાનો પુરાવો રજુ કરેલ નથી. અને આક: ૧૧ ની કલોઝીગ પુરસીસ મુજબ પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આરોપીઓનો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૧૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામા આવેલ છે. આરોપીઓએ પોતાની સામેનો આ ખોટો કેસ છે.પોતે નિર્દોશ છે. તેવી રજુઆત કરેલી છે. આરોપીઓ પોતાના બચાવમા કોઈ મૌખિક કે, દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.શ્રી આરોપીઓ તરફે. વિ.વ.શ્રીને સાંભળવામાં આવેલ.

(૬) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુ દ્દા ઓ</u> :–**

: ૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ: ૨૭–૦૪–૨૦૧૬ ના કલાક: ૦૭–

૦૦ વાગ્યે મ.નં.સી/૦૮અ ોમ શાંતિનગર સોસાયટી આસોપાલવ સોસાયટી પાસે વટવા અમદાવાદ આગળ જાહેરમાં ફરીયાદીને આરોપી નં. ૧ નાએ કહેલ કે, તમારા છોકરાએ મારી ટી.વી ચેનલનો વાયર તોડી નાખેલ છે.તેમ કહી ફરીયાદીને ગંદી ગાળો બોલી ફરિયાદીના દિકરાને માથામાં તેમજ ડાબાહાથની કણાઈ ઉપર લાકડાના ડંડાથી બે ત્રણ ફટકા મારી આરોપી નં. ૨,૩ નાએ ફરીયાદીના દિકરાને ગડદાપાટુનો માર મારી રીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ-૩૨૪,૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬ (૧),૧૧૪ તથા બી.પી.એકટની કલમ-૧૩૫ (૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

: ૨ : છેવટનો હુકમ શું?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

: ૧ : નકારાત્મક.

: ૨ : આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયોના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧. ૨ :-**

ઉપરોકત બન્ને મુદ્દાઓ એક બીજા સામે સંકળાયેલા હોય પુરાવાના બીન જરૂરી પુનરાવર્તન નીવારવા મુદ્દા નં.૧ તથા ૨ એમ બન્ને

મુદ્દાની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે. આરોપીઓ સામે ફોજદારી કેસ છે. પોલીસ ચાર્જશીટ આધારીત કેસ દાખલ થયેલ છે.

ફોજદારી કેસમાં ક્રિમીનલ જયુરીસ પ્રુડંન્શના સિધ્ધાંતો જોઈએ તો...

Basically, there are three cardinal principles of criminal jurisprudence.

1. prosecution to prove its case beyond reasonable doubt.
2. the accused must be presumed to be innocent.
3. the onus of the prosecution never shifts.

The criminal jurisprudence has given a wider area to the accused. There is no only moral conviction, Howsoever grave the alleged offence may be, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is “fouler the crime higher the proof”.

ફોજદારી કેસના ઉપરોકત મુળભૂત સિધ્ધાંતો ઘ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાન સમક્ષ રાખતાં નીચેની બાબતો પુરાવા કિચ મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવે છે.

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ પૂરવાર કરવા આંક–૬ થી ફરિયાદી ઉપેન્દ્રસિંહ હીરાલાલ રાજપુતને સોગંદ પર તપાસવામાં આવેલ છે. આ કામે ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા, ત્રણ વર્ષ પહેલા આ કામના આરોપીઓ વિરુઘ્ધ ઉશ્કેરાટમાં આવી જઈ માર મારી ગંદી ગળોબોલી અને જાનથી મારી નાખવા બાબતની ફરીયાદ આપેલ મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી.તે સીવાય કાંઈ બનેલ નહી. મે જેતે વખતે પો. સ

ટેશનમાં ફરીયાદ આપેલી.તે ફરીયાદમાં મારી સહી છે. જે ઓળખી બતાવું છું ફરીયાદ આંક-૭ થી રજુ રાખેલ છે. સોગંદ પરના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને કોઈ રીતે સમર્થન મળતુ ન હોઈ, ફરી ગયેલા જાહેર કરેલ છે.આ કામે આરોપ તરફે ઉલટ તપાસમાં જણાવે છે કે,પોલીસે મારી ફરીયાદમાં શું લખેલ તેની મને ખબર નથી.

(૧૦) આંક-૧૦ થી સાહેદ વિજય ઉપેન્દ્રસિંહ રાજપુતનો સોગંદ પર પુરાવો રેકર્ડ થયેલ છે જે લક્ષમાં લઈએ તો,આજથી ત્રણ વર્ષ પહેલા પોલીસે મારું નામ ઠામ પુછેલું તે સિવાય મને કાંઈ પુછેલ નથી. બનાવ અંગે હું કઈ જાણતો ન હોવાથી આરોપીઓએ મને ગડદાપાટુનો માર તથા લાકડાના ડંડા વડે માર મારેલ હોય તેવી કોઈ હકીકત મે લખાવેલ નથી. આ સાહેદના સોગંદ પરના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતુ ન હોઈ, તેઓને પણ ફરી ગયેલા જાહેર કરેલ છે.આરોપી તરફે ઉલટ તપાસમાં જણાવે છે કે,પોલીસે મારી ફરીયાદમાં શું લખેલ તેની મને ખબર નથી.મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી.એ સિવાય બીજું કાંઈ બનેલ નથી. ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજો આંક-૮થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક-૯ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે. જેથી ગુનાની સાંકળતી કડી પુરવાર થાય છે.

(૧૧) ઉપરોકત રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા,આ કામમાં પક્ષકારો વચ્ચે હાલ કોઈ અણ બનાવ નથી આ કામે આંક-૫ થી રજુ કરેલ પુરસીસ પરથી ફલીત થાય છે. આ કામમાં ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસને સમથ"ન મળે છે પરંતુ આ કામમાં આક-૫ થી પુરસીસ ધ્યાન માં રાખતાં પક્ષકારો વચ્ચે સમજુતી થયેલ હોય તેઓ બન્નેપક્ષો વચ્ચો મુળ

તકરારાનુ કાયમી નિવારણ લાવવાં બન્ને પક્ષો વચ્ચે ભાર પૂવકનુ વાતાવરણ જળવાઈ રહે તે ઘ્યાને લઈ આંક– ૫ ની પુરસીસની નોંઘ લેવામાં આવેલ છે. આ કામમાં આંક–૮ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું રજુ કરવામાં આવેલ છે. તેમજ આંક–૯ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ કરવામાં આવેલ છે. આ બન્ને દસ્તાવેજો ઘ્યાન સમક્ષ રાખતાં આ બન્ને દસ્તાવેજો સોયમ કોઈ મૂળભૂત પુરાવો નથી. ગૌણ પુરાવો છે.કોરોબોરેટીવ એવીડન્સ છે. જયારે આઘારભૂત પુરાવો ફરીયાદ પક્ષને સમર્થન કારક બનતો નહોય ત્યારે આવો કોરોબેરોટી એવીડન્સ ઉપર અદાલત આઘાર રાખી શકે નહી. આ કામમાં ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલો પુરાવો ઘ્યાને લેતાં ફરીયાદ પક્ષ તહોમત નામામાં જણાવેલ ગુન્હાના અવશ્યક તત્વો કાયદાકીય જોગવાઈ ઘ્યાન સમક્ષ રાખતાં પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ આથી મુઘ્ધાં નં. ૧ નો નિણય નકારામાં આપી મુઘ્ધા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**હુ ક મ**</u> **:–**

આ કામના આરોપીએ (૧)બ્રિજેશકુમાર સ/ઓ કૈલાસનાથ તિવારી, ઉ.વ.૩૫, (૨) રાજકુમાર એસ/ઓ કૈલાસનાથ તિવારી, ઉ.વ.૨૬, (૩)ક્રિષ્ણકુમાર ઉર્ફે રીન્કુ કૈલાસનાથ તિવારી ઉ.વ.૩૨ ત્રણેય રહે.મ.નં.બી/૨૯ ઓમ શાંતિનગર આસોપાલવ સોસાયટીની પાછળ વટવા અમદાવાદ. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૪,૩૨૩, ૨૯૪ (ખ),૫૦૬ (૧), ૧૧૪ તથા બી. પી. એકટની કલમ–૧૩૫ (૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામમાં કબજે લેવામાં આવેલ મુદ્દામાલ અપીલ સમય પુરો થયે થી ધોરણ સર નીકાલ કરવામાં હુંકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ કરી આપેલ જાત–મુચરકા અને જામીનનાએ કરી આપેલ જામીનખતો રદ્દ કરવામાં આવતા નથી, પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે, તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ એ અન્વયે જાત–મુચરકા,અને જામીનખત ચાલુ રાખવામાં આવે છે.

આજ તા:૧૪ મી માહે ઓગષ્ટ, સને ૨૦૧૯ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ. (દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ)
તા.૧૪/૦૮/૨૦૧૯. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
**(GJ00757)**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રી એ સદર ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબજ ચેક વેરીફાઈ કર્યાબાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડકલાર્કશ્રી એ સદર કેસ ચેક વેરીફાઈ કરવો.
રજીસ્ટ્રીએ નિયમોનુસાર રજીસ્ટ્રારમાં ખતવણી કર્યાબાદ સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવાં સબંધીત તમામ કાર્યવાહી નિયમોનુસાર કરવી.

અમદાવાદ. (દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ)
તા.૧૪/૦૮/૨૦૧૯. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
**(GJ00757)**